ૐ

શ્રી ગણેશાયનમઃ

કુંવારાને કષ્ટ, નોકરીનું દુઃખ;
પરણેલાનો પસ્તાવો.

છપાવી પ્રસીદ્ધ કરનાર,

લેખક-મણીલાલ છગનલાલ.

કાળુપુર, ભંડારીપોળ, કાયતવાડા-અમદાવાદ.

આવૃત્તી પહેલી. પ્રત ૧૦૦૦.

સને ૧૯૨૧. સંવત ૧૯૭૭.

અમદાવાદ.

ધી સત્ય પ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ, કાળુપુર ટંકશાળમાં

મુળચંદ ત્રીકમલાલે છાપ્યુ.

કીંમત ૦-૦-૬

વારાને કષ્ટ, નોકરીનું દુઃખ;
ને
પરણેલાનો પસ્તાવો.

ભાઇઓરે મારા સુણો, જમાનો ગયો જુનો;
ફેશન થણી વધતી, ઉપાધી નથી ટળતી. ૧

નોકરીએ વેલું જાવુ, સાંજે આવીને ખાવુ;
આ દુઃખ કોને કહેવું, સુ આવી રીતે રહેવું. ૨

શરીર જાય છે ગળતું, બૈરૂંરે નથી મળતું;
પૈસોરે નથી પાસે, કેમ કરી પરણાસે. ૩

સગુ ઘણુ છે મારે, કર્મ લખ્યું નીહાળે;
રહે છે સર્વે સ્વાર્થી, તેથી તે બગડે બાજી. ૪

પીતાજી હતા મારા, સગાં રહેતાં સારાં;
આવા પીવાને આવે, મને ભાવથી બોલાવે. ૫

પીતા ગયા પરલોકે, હું રોવુ પોકે પોકે;
પ્રભુજી સહાય કરસો, કષ્ટ તે માફ કરસો. ૬

હું વાસણાનો રહીસ, ઉમર થઈ છે વીસ;
દુઃખ તે કોને કહીએ, મનમાંસમજીનેરહીએ.

હું અમદાવાદ આવ્યો, મીત્રે નોકરી ચઢાવ્યો;
દુઃખ તે સર્વે કાપ્યું, મન આનંદી રાખ્યું.

ફેશન ઘણી વધતી, જોઇએ છે બુટ છત્રી;
કરમાં રાખી છે સોટી, ઝાકીટ પેરી ટોપી. ૯

ખમીસ સારાં જોઇએ, પાટલુન ઘણુ શોભે;
મીલનું તે કામ ભારી, સાંચા સારા વીસારી. ૧૦

સાંજે મન તે ભટકે, વીચારમાં તે અટકે;
જવું છે બજાર, ખીસામાં શું વીચાર. ૧૧

પગાર નથી આવ્યો, માસીક મન ભાવ્યો;
દીવસ ઘણા બાકી, કોને કહું ઉપાધી. ૧૨

હું ગયો મીત્ર ઘેર, પુછી તે સર્વે પેર;
જોઇએ તો લેઈ જાઓ, મનમાં તે રાજી થાઓ. ૧૩

ત્યાંથી આવ્યો ઘેર, વીચાર્યુ ભલી પેર;
નોકરીએ નથી જાવું, ધંધો કરીને ખાવું. ૧૪

પરાધીનમાં રહેવું, એ દુઃખ નથી સહેવું;
કંપનીમાં જાવું, કાયદામાં નહી આવું. ૧૫

કંપનીમાં કેવો કાયદો, પગારનો કરે વાયદો;
દીવસ રાખે બાકી, તેથી રહે ઉપાધી. ૧૬

માટે રે મીત્રો સુણો, વીચાર કરો પુરો;
નીતીનો મારગ સારો, તેને તે પાર ઉતારો. ૧૭

છે સુખનુ તે રાજ, લહે નહી કો લાજ;
મનમાં વીશ્વાસ રાખો, ઉપાધી બાધી તાગો. ૧૮

દેશીમાં મન મુકો, જોડા પહેરીને જુઓ;
પહેરોને ધોતી સારી, બંડી તે કસ વાળી. ૧૯

પહેરણુ પહેરાં સારાં, મનમાં રહે ન ન્યારાં;
કહે છે મણીલાલ, દેશીને તું તાર. ૨૦

તું રાખ દેશની દાજ, પ્રભુજી રાખશે લાજ;
સર્વે તે સાફ કરસે, સદા આનંદમાં ફરસે. ૨૧

એવી છે આસ મારી, પ્રભુ રાખજો વાચ્યારી;
તમો દુઃખ સર્વેનાં હરજો, આ વાત કાને ધરજો. ૨૨

કહે છે ઠકર વાણી, વીવેક વાત જાણી;
સર્વે તે શાન્તી વ્યાપો, સહુને તે સુખ આપો. ૨૩

દુઃખ નોકરીનું કાપો, વૃષ્ટીનું સુખ આપો;
છેવટના બોલ ચાર, કરજો તમો વીચાર. ૨૪

પરણેલાનો પસ્તાવો.

કુવારા કેરૂ કષ્ટ, સુણીને આજ કહે છે;
ઘરબાર છોડી દીધાં, માત તાત અળગાં કીધાં. ૧

ઉપાધીમાં પેઠો, નોકરીએ જઈ બેઠો;
પગાર આવે પંદર, સર્વ ખરચ અંદર. ૨

બૈરીને જોઈએ સાડી, ફેશન કેરી લાડી;
કાપડુ મુકી દીધું, પોલકાનું મને કીધું. ૩

પહેરાવો બંગડી સારી, મનમાં ઘણુ વીચારી;
ચાલ્લાકીમાં જાવું, બજાર માંહી ફાવું. ૪

ચાલોને કંથ આજે, જઈએ તે બંને સાથે;
રતનપોળ માંહી, સાડી સર્વે છે તાંહી. ૫

બંગડી પહેરાવો સારી, ફેશનમાં વીચારી;
પોલકું તે વહાલુ લાગે, ફેશન માંહી છાજે. ૬

સપાટ કેરી જોડી, જાવું છે લેવા દોડી;
એવું સુણી કંથ કહે છે, ઉદાસી મન રહે છે. ૭

કેવી રીતે હું આવું, સુ તને લઈઆવુ;
પૈસારે નથી પાસે, કેમે કરી જવાસે. ૮

વીચારી જુઓ મન, કેમ કરી જસે દીન;
તેવું સુણી નાર કહે છે, પરણ્યો શું બકે છે. ૯

મારે તો જોઇએ સર્વ, કરો નહી ગર્વ;
ભલે તો ભીખ માગો, ભલે તો નીર ચાખો. ૧૦

ઉપાધીને તારો, ફેશનને વધારો;
નહીતો જાવું મૈએર, થાવો તેવાં થૈએ. ૧૧

કરો છો શું વીચાર, ચાલોને બજાર;
લાવીએ આપણ સર્વ, રહે નહી સર્મ. ૧૨

તેવું સુણી કંથ ઉઠ્યા, જઈ મીત્ર ઘેર પેઠા;
રૂપીઆ લીધા ત્રીસ, નારી ના મન રીસ. ૧૩

ચાલોને જઇએ બહાર, જોઇએતે લેજો નાર;
મનની રીસ તાગો, ઉપાધી બધી ટાળો. ૧૪

ત્યાંથી તે બંને ચાલ્યાં, બજાર વીસે આવ્યાં;
સર્વે તે ચીજ લીધી, ઘર તરફ દ્રષ્ટી કીધી. ૧૫

છે આજ શનીવાર, સુણો મમ ભરથાર;
ખેલ સારો છે આજે, નાટકમાં જવું મારે. ૧૬

ટીકીટ કરાવો ભારે, બંને બેસીશું સાથે;
કરીસુ વાતો સારી, દીલ રાખો નહી ઉદાસી. ૧૭

પણ કંથ શું કરે છે, નાણાં ક્યાંથી ભરે છે;
પગાર છે થોડો, ખાવામાં પડે ટોટો. ૧૮

તો નાણું કયાંથી લાવું, કોને જઇને કહાવું;
પીતાજીના કહે કે, માત પેસવા કયાં દે છે. ૧૯
મીત્રનો વાયદો વચો, જવાબ કેવો દેવો;
વીચારમાં હું પડીયો, દીન રાત તે રખડીયો. ૨૦
એકે તે આરો નથી, પાઇ એક પાસ નથી;
માટે રે ગનુ ગાયો, વીચાર ખોટો લાગ્યો. ૨૧
આ ચીત નથી ઠરતું, વીચારમાં વરતું;
કમાવું દીન રાત, પણ ખરચ પુરૂ ન થાય. ૨૨
એવી દશા છે મારી, જુઓ તમો વીચારી;
નારી ગઇ પીએર, ખાવા કરૂ હું ઘેર. ૨૩
માટેરે મીત્રો સુણો, સદગુણી સ્ત્રીને પરણો;
નહીતો રહો વાંઢા, સઘળી ઉપાધી છાંડો. ૨૪
કહે છે મણીલાલ, સંસાર સાર એ છે;
જીંદગી એરે જાય, ઉપાધી ના વીસરાય. ૨૫
પ્રભુ ભજન કરો, સદા ગમનમાં ફરો;
સદગુણી સ્ત્રીને વરો, વીચાર પુરો કરો. ૨૬
આ ટુક હતી અધુરી, તેને કરી મેં પુરી;
પ્રભુ રજ તે સાંભળસે, સદા રાજીમાં રહેસે. ૨૭

જાહેર ખબર.

મહેરબાન સાહેબો એક વખત ખરીદી ખાત્રી કરો

થોડા વખતમાં બહાર પડશે

બાળલગ્નનો બળાપો.

મળવાનું ઠેકાણું,

ઠકર માણીલાલ છગનલાલ

કાળુપુર, ભંડેરીપોળ,

કાયતવાડા,—અમદાવાદ